# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મ્યાંમારના રાષ્ટ્રપ્રમુખ ઓ મીન આંગ હ્લેઇંગે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી.
2) ભારત અને મ્યાંમાર કલાદાન મલ્ટી મોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરવા સંમત.
3) દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ.
4) ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર આજથી અમલમાં આવ્યો.
5) મલેશિયાએ 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો.
6) હોંગકોંગમાં યોજાયેલી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે 19 ચંદ્રક જીત્યા.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA BRIEFING MYANMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મ્યાનમારના રાષ્ટ્રપ્રમુખ ઓ મિન આંગ હ્લેઇંગે વેપાર અને આર્થિક સંબંધ, સંરક્ષણ અને સુરક્ષા મુદ્દાઓ, સરહદ વ્યવસ્થાપન, વિકાસ સહાય, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને પ્રાદેશિક પરિસ્થિતિ સહિત વિવિધ દ્વિપક્ષીય મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી.

વિદેશ સચિવ વિક્રમ મિસરી એ વાટાઘાટો પછી નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે બંને પક્ષોએ ખાસ કરીને વેપાર અને રોકાણ, વિકાસ સહયોગ, આરોગ્ય, શિક્ષણ અને ઉર્જા ક્ષેત્રોમાં ગાઢ સહયોગને પ્રોત્સાહન આપવામાં રસ દાખવ્યો હતો.

તેમણે કહ્યું કે બંને પક્ષોએ લોકો વચ્ચેના સંપર્ક માટે જોડાણના મહત્વ પર ભાર મૂક્યો અને કલાદાન મલ્ટી મોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટને વહેલા પૂર્ણ કરવા માટે કામ કરવા સંમત થયા.

**(BYTE -VIKRAM MISRI)**

# PREZ-MYANMAR PREZ

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં મ્યાંમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઇંગનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે સહિયારો બૌદ્ધ વારસો અને સદીઓ જૂનો લોકો વચ્ચેનો બંધન ભારત-મ્યાંમાર સંબંધોને એક અનોખી હૂંફ આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે મ્યાંમાર ભારતનું દક્ષિણપૂર્વ એશિયાનું પ્રવેશદ્વાર છે. તેમણે મ્યાંમારના શાંતિ અને સમાધાનના પ્રયાસ માટે ભારતના અડગ સમર્થનનો પણ ઉલ્લેખ કર્યો.

# INTER- MINISTERIAL

સરકારે જણાવ્યું છે કે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રીસ્તરીય પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું કે તમામ તેલ માર્કેટિંગ કંપનીઓ સરળ પુરવઠો જાળવવા માટે તમામ છૂટક વેપારીઓને પેટ્રોલ અને ડીઝલનો સક્રિયપણે પુરવઠો આપી રહી છે.

(BYTE- SUJATA SHARMA)

સુશ્રી શર્માએ કહ્યું કે સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને LPG, પેટ્રોલ અને ડીઝલના વેચાણ અને વિતરણમાં સંગ્રહખોરી અને કાળાબજાર સામે સતર્કતા વધારવા જણાવ્યું છે.

# GOYAL- INDIA -OMAN CEPA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું છ મહિના પહેલા કરાયેલો ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર – CEPA આજથી અમલમાં આવ્યો છે. આ કરારથી ભારતના શ્રમિકો લઘુ તથા મધ્યમ ઉદ્યોગો કપડાં તથા રમતગમત, કાપડ, કૃષિ, ઓટોમોબાઈલ જેવા વિવિધ ઉદ્યોગને ઓમાન ના બજાર માં પ્રાથમિકતા મળશે.

(BYTE- PIYUSH GOYAL)

# PM-ARTICLE CEPA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ દ્વારા લખાયેલ એક લેખ શેર કર્યો. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે આ લેખ દર્શાવે છે કે ભારત-ઓમાન CEPA ભારતીય નિકાસકારોને બજારોમાં વૈવિધ્યીકરણ, રોજગાર સર્જન વધારવા, ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને બંને દેશ વચ્ચે સંયુક્ત સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાની તક કેવી રીતે પૂરી પાડે છે. શ્રી મોદીએ કહ્યું કે આ લેખ એ વાત પર ભાર મૂકે છે કે વિકસિત દેશો સાથે વેપાર કરાર કરવાના સરકારના પ્રયાસ દરેક ભારતીયના જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ કરી રહ્યા છે.

# EVE-INDIA-AUSTRALIA-DEFENCE

ભારત અને ઓસ્ટ્રેલિયાએ મુક્ત, ખુલ્લા, શાંતિપૂર્ણ, સ્થિર અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક ક્ષેત્રને જાળવવા માટે પ્રાદેશિક ભાગીદારો સાથે સહયોગ વધારવાના મહત્વને પુનઃપુષ્ટિ આપી. નવી દિલ્હીમાં ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ મંત્રીઓ ના સંવાદના બીજા સંસ્કરણ દરમિયાન, બંને દેશોએ  નૌવહન અને ઉડ્ડયન ની સ્વતંત્રતાના મહત્વ પર ભાર મૂક્યો

આ બેઠકની સહ-અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી  રાજનાથ સિંહ અને ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી  અને સંરક્ષણ મંત્રી  રિચાર્ડ માર્લ્સ દ્વારા કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# TMC-EXPEL

તૃણમૂલ કોંગ્રેસે તેના બે ધારાસભ્યો, સંદીપન સાહા અને ઋતબ્રત બેનર્જીને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ, મહત્વપૂર્ણ બેઠકોમાં ગેરહાજરી અને પક્ષના નેતૃત્વની જાહેરમાં ટીકા કરવા બદલ પક્ષમાંથી છૂટા કરાયા. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ પક્ષમાં ચાલી રહેલા આંતરિક ઝઘડા વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે.

# SC-NEET

સર્વોચ્ચ અદાલતે NEET-UG 2026 પુનઃપરીક્ષા વર્તમાન પેન-એન્ડ-પેપર ફોર્મેટને બદલે કમ્પ્યુટર-આધારિત પરીક્ષા તરીકે લેવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ન્યાયયધીશ પી.એસ. નરસિંહા અને અરવિંદ કુમારની ખંડપીઠે જણાવ્યું હતું કે પરીક્ષા રદ થયા પછી નેશનલ ટેસ્ટિંગ એજન્સી પહેલાથી જ પડકારોનો સામનો કરી રહી હોવાથી કમ્પ્યુટર-આધારિત પુનઃપરીક્ષા લેવા હાલ સંભાવના નથી. કોર્ટે આ મામલાની વધુ સુનાવણી 27 જુલાઈના રોજ મુલતવી રાખી છે.

# MP-KHET BACHAO ABHIYAN

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે મધ્યપ્રદેશના રાયસેન જિલ્લાના રામસિયા ગામથી "ખેતર બચાવો અભિયાન"નો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ આ અભિયાન એક મહિના સુધી ચાલશે.

(BYTE- ABHINAV GOYAL)

# EVE MALAYSIA- SOCIAL MEDIA BAN

મલેશિયાએ આજે 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવાના નિયમો લાગુ કર્યા છે. આ હેઠળ, ઓછામાં ઓછા 80 લાખ ઉપયોગકર્તાઓ ધરાવતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે વય ચકાસણી પ્રણાલી લાગુ કરવી પડશે.

જે કંપનીઓ તેનું પાલન નહીં કરે તેમને એક કરોડ રિંગિટ સુધીનો દંડ થઈ શકે છે. સરકારે જણાવ્યું હતું કે આ પગલાં બાળકોને હાનિકારક સામગ્રી અને સાયબર ધમકીઓથી બચાવવા માટે છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ અને ઇન્ડોનેશિયા સહિત અન્ય દેશોએ પણ બાળકોના સોશિયલ મીડિયા સંચાલન પર વય-આધારિત પ્રતિબંધોની જાહેરાત કરી છે.

# REV SUMAN KALYANPUR-LAST RITES

પ્રખ્યાત ગાયિકા સુમન કલ્યાણપુરના આજે મુંબઈમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. તેમનું ગઈકાલે રાત્રે તેમના મુંબઈ નિવાસસ્થાને અવસાન થયું. તેઓ ૮૯ વર્ષના હતા. ભારતના સૌથી પ્રખ્યાત ગાયકોમાંના એક, સુમન કલ્યાણપુરે મરાઠી ભક્તિ ગીતો અને હિન્દી ફિલ્મ સંગીત દ્વારા પોતાની ઓળખ બનાવી.

# ATHLETICS- UNDER 20 ASIAN CHAMPIONSHIP

હોંગકોંગમાં યોજાયેલી 22મી એશિયન અંડર-20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે 10 સુવર્ણ , પાંચ રજત અને ચાર કાંસ્ય સહિત કુલ 19 ચંદ્રકો જીત્યા છે. ભારત મેડલ ટેલીમાં બીજા સ્થાને રહ્યું. ગઈકાલે પુરુષોની 800 મીટર દોડમાં સ વેંકટરામે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. અગાઉ, કાજલ, ભાવના, આરતી અને નિપમની મહિલા ટીમે 400 મીટર રિલેમાં રજત ચંદ્રક જીત્યો હતો. મહિલા રિલે ટીમે 45.05 સેકન્ડના સમય સાથે જુનિયર રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો હતો.

ભૂમિકા, તહુરા, સેહનૂર અને નીરુની 1600 મીટર રિલે ટીમે પણ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પુરુષોની રિલે ટીમે પણ 1600 મીટર રિલેમાં કાંશ્ય ચંદ્રક જીત્યો હતો.

# ISRAEL-BEIRUT STRIKES

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી કાત્ઝેએ દેશના સંરક્ષણ દળને બેરૂતમાં આતંકવાદી સ્થળો પર હુમલા કરવાનો નિર્દેશ આપ્યો છે. ઇઝરાયલના પ્રધાનમંત્રી કાર્યાલય મુજબ, આ હુમલાઓ બેરૂતના દહિયા મથકમાં સ્થાનોને લક્ષ્ય બનાવશે. આ હિઝબુલ્લાહ દ્વારા લેબનોનમાં યુદ્ધવિરામના વારંવાર ઉલ્લંઘન અને ઇઝરાયલના શહેરો અને નાગરિકો પર હુમલાઓના જવાબમાં હશે.